# આજે વડાપ્રધાન મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે

## ગિફ્ટ સિટી ખાતે અત્યાધુનિક સુવિધા સાથે ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જનું લોકાર્પણ કરાશે

ગાંધીનગર, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૨૯ જુલાઈના રોજ ગિફ્ટ-IFSCની મુલાકાત લઈ ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX)નું લોકર્પણ કરશે. વડાપ્રધાનશ્રી એ વર્ષ ૨૦૧૭માં કલ્પના કરી હતી કે, આગામી ૧૦ વર્ષમાં ગિફ્ટ સિટી વિશ્વના સૌથી મોટા વ્યાપારિક સાધનો જેવા કે કોમોડિટીઝ, કરન્સી, ઈક્વિટી, વ્યાજ દર હોય કે અન્ય કોઈપણ નાણાકીય સાધન હોય, તે પૈકી ઓછામાં ઓછા કેટલાક નાણાંકીય સાધન માટે ભાવ નિર્ધારક બનવું જોઈએ. IFSCAનો હેતુ બુલિયન ઈકોસિસ્ટમ વિકસાવવાનો છે, જેનાથી ભારતને આંતરરાષ્ટ્રીય બજારોમાં ભાવ પ્રભાવક અને પ્રાઈસ સેટર તરીકેની ઓળખ પ્રાપ્ત થશે. વાર્ષિક આશરે ૧,૦૦૦ ટનની સોનાની માંગ સાથે ભારત સૌથી મોટા આયાતકારોમાંનું એક છે. સોનાનું સૌથી મોટું ઉપભોક્તા હોવા છતાં ભારત સોનાની આંતરરાષ્ટ્રીય કિંમતો નક્કી કરવામાં મર્યાદિત ભૂમિકા ભજવે છે. આથી વડાપ્રધાનએ ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX)ની સ્થાપના માટે સપનુ જોયું હતું, જે આજે વાસ્તવિક સંસ્થા તરીકે આકાર પામવા જઈ રહ્યું છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રો (IFSCs)માં બુલિયન ઈકોસિસ્ટમ વિકસાવવા માટેના કરાયેલા સુધારામાં સંગઠિત બજાર તરીકે પરિવર્તન કરવું, સ્થાનિક જ્વેલર્સ દ્વારા કરાતી આયાત, IFSC ખાતે સોનાના સંગ્રહ માટે વૉલ્ટિંગ સુવિધાઓ, સોનાનું નાણાકીયકરણ કરવું વગેરે મુખ્ય સુધારા છે. આ એક્સચેન્જ બુલિયન ટ્રેડીંગને સંગઠિત બજાર તરીકે પરિવર્તન કરવા માટે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બુલિયન ડિપોઝિટરી રિસિપ્ટ્સ (BDRs)ના ઓર્ડર મેચિંગ, ટ્રેડિંગ, ક્લિયરિંગ અને સેટલમેન્ટ માટે ટેક્નોલોજી આધારિત મિકેનિઝમ્સ પ્રદાન કરશે, જે ભૌતિક બુલિયન દ્વારા સમર્થિત સુરક્ષા છે. વિવિધ વેપારીઓ-રોકાણકારો સહિતના સહભાગીઓને ટ્રેડિંગ એવન્યુ પ્રદાન કરવા ઉપરાંત, IIBX કિંમતની સંશોધન, ડિસ્ક્લોઝર્સમાં પારદર્શિતા, ગેરંટીકૃત કેન્દ્રિય ક્લિયરિંગ અને ગુણવત્તાની ખાતરીના ફાયદા પણ પ્રદાન કરશે. IFSCA એ સંઘર્ષ-અસરગ્રસ્ત અને ઉચ્ચ જોખમવાળા વિસ્તારોમાંથી ખનિજોની જવાબદાર સપ્લાય ચેઈન માટે OECD ડ્યુ ડિલિજન્સ ગાઈડન્સનું પાલન ફરજિયાત કરીને IIBX દ્વારા વિતરણ કરવામાં આવતા બુલિયનના સ્રોતની અખંડિતતા સુનિશ્ચિત કરી છે.

### વડાપ્રધાન સાબર ડેરીના વિવિધ પ્લાન્ટના લોકાર્પણ -ખાતમુહૂર્ત કરશે

પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આવતીકાલે તા.૨૮ જુલાઈના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન સાબરડેરીના વિવિધ પ્લાન્ટના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. જેમાં સાબર ડેરી, હિંમતનગર ખાતે રૂ. ૩૦૫ કરોડના ખર્ચે નવનિર્મિત પાવડર પ્લાન્ટનું લોકાર્પણ તેમજ રૂ. ૬૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર ચીઝ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે. આ ઉપરાંત રૂ. ૧૨૫ કરોડના ખર્ચે નવનિર્મિત ટેટ્રાપેક વર્ચ્યુઅલ લોકાર્પણ કરશે. આ પ્રસંગે સુકન્યા યોજના અન્વયે દિકરીઓને ખાતા ખોલવાનો કાર્યક્રમ અને મહત્તમ દૂધ ઉત્પાદન કરનાર મહિલા પશુપાલકોનું વડાપ્રધાનના હસ્તે સન્માન પણ કરવામાં આવશે તેમ મંત્રીશ્રીએ વિગતો આપતા ઉમેર્યું હતું.



### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક યોજી

## ગુજરાતની મુલાકાતે નીતિ આયોગના સીઈઓ પરમેશ્વરન ઐયર



ગાંધીનગર, તા.૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે નીતિ આયોગના સી.ઈ.ઓ પરમેશ્વરન ઐયરે ગાંધીનગરમાં બેઠક યોજી હતી. પરમેશ્વરન ઐયર ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવ્યા હતા. આ મુલાકાત દરમ્યાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક યોજીને તેમણે કૃષિ, શિક્ષણ, હાઉસીંગ વગેરે વિભાગોની વિવિધ ફલેગશીપ યોજનાઓની પ્રગતિ અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી. નીતિ આયોગના સીઈઓએ સીએમ ડેશબોર્ડ તથા જનસંવાદ કેન્દ્રની ગતિવિધિઓ પ્રત્યક્ષ નિહાળી હતી. સી.એમ. ડેશબોર્ડ દ્વારા રાજ્ય સરકારના વિભાગો દ્વારા હાથ ધરવામાં આવતા વિકાસ કાર્યો અને જનહિત કાર્યક્રમોનું રિયલ ટાઈમ મોનિટરીંગ ૩ હજાર જેટલા ઈન્ડીકેટર્સથી કરવામાં આવે છે તેનાથી તેઓ અત્યંત પ્રભાવિત થયા હતા. એટલું જ નહિ, યોજનાકીય લાભ મેળવેલા લાભાર્થીઓના પ્રતિભાવ ફિડબેક મેળવવાના હેતુસર કાર્યરત જનસંવાદ કેન્દ્રની કાર્યપદ્ધતિની પણ પરમેશ્વરન ઐયરે પ્રસંશા કરી હતી.

### લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

'નદી દોડે, સોળે ભળભળ બળે ડુંગરવનો....'

●●●

નદી ને પાસેનાં સળગી મરતાંને અવગણી
જવું સિંધુ કેરા, અદીઠ વડવાગ્નિ બૂઝવવા !

●●●

છેલ્લે, અવધૂત દત્તાત્રેયને જળમાં ગુરુનું દર્શન થાય છે... આપણે પણ જળની જેમ વહેતાંને સુકાતાં શીખીએ તો કેવું ?!!

**સ્પર્શમણિ :**

માગવું તે પામરતા છે, મળવું તે લાયકાત છે

●●●

પાણી એ પરમાત્માનો પ્રસાદ છે, એનું ટીપે ટીપું બચાવીએ.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

### ઝેરી કેમિકલ ૪૧ લોકોનો જીવ ભરખી ગયો

# લઠ્ઠાકાંડમાં હજી ૮૯ જીવન મરણ સામે ઝોલા ખાઈ રહ્યાં છે

## પોલીસે કહ્યું કે કેમિકલ પીવાને કારણે મૃતકોનું મોત થયુ છે, પોલીસના કહેવા પ્રમાણે મૃતકોએ દારૂ નહીં પણ કેમિકલમાં પાણી નાખી પીધો હતો

બોટાદ,તા.૨૭

સોમવારે સાંજે સર્જાયેલા કથિત લઠ્ઠાકાંડમાં ધીરે ધીરે કરીને મોતનો આંકડો બુધવારે સવાર સુધી ૪૧ પર પહોંચી ગયો. અમદાવાદ અને બોટાદ કેમિકલ કાંડમાં અત્યાર સુધીનો ૪૧ લોકોનાં મોત થયા છે. તો ૮૯ લોકો હજી પણ જીવન અને મોત સામે ઝઝૂમી રહ્યાં છે. લેટેસ્ટ અપડેટ અનુસાર, અમદાવાદમાં ૧૬ અને ભાવનગરમાં ૭૩ લોકો સારવારમાં છે. ગોડાઉનના એક કર્મચારીથી લઈને બુટલેગર સુધી પહોંચેલા કેમિકલે ગુજરાતમાં હાહાકાર મચાવી દીધો છે. પોલીસે અત્યાર સુધીમા આ કેસમાં કુલ ૧૪ આરોપીની ધરપકડ કરી છે. એફએસએલની તપાસમાં જણાયું કે અમૂક સેમ્પલમાં ૯૮.૭૧ ટકા તથા ૯૮.૯૯ ટકા મિથાઈલ આલ્કોહોલની હાજરી જણાઈ હતી. સારવાર હેઠળ દર્દીઓની ટ્રિટમેન્ટ ડોક્ટર તથા આ ઝેરી કેમિકલના એન્ટીડોટ સંદર્ભે એફએસએલના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે. SITના વડા સુભાષ ત્રિવેદીએ કહ્યું કે, આ ઘટનાની તલસ્પર્શી તપાસ થશે. બીજી વખત આવી ઘટના ન બને તે ધ્યાન રાખવામાં આવશે. દરેક મુદ્દાઓ તપાસી રિપોર્ટ સરકારને સોંપવામાં આવશે. એક ખાસ જીઁ પણ તૈયાર કરવામાં આવશે. મિથાઈલ કેમિકલને લગતા નિયમો બનાવવામાં આવશે. રોજીદ ગામના બુટલેગરે લોકોને કેમિકલ આપ્યું હતું. આ ઉપરાંત પોલીસે કહ્યું કે કેમિકલ પીવાને કારણે મૃતકોનું મોત થયુ છે, પોલીસના કહેવા પ્રમાણે મૃતકોએ દારૂ નહીં પણ કેમિકલમાં પાણી નાંખી પીધો હતો. આ વિશે ડીજીપી એ કહ્યુ કે, જયેશ ઉર્ફે રાજુ અસ્લાલીના આમોઝ નામની કંપનીમાં કામ કરે છે. તે આ કંપનીમાં ગોડાઉનનો ઈન્ચાર્જ હતો. તે તેના પરિવાર સાથે અહી જ રહે છે. આ કંપનીના ગોડાઉનમાં મિથાઈલ આલ્કોહોલના બેરલ મૂકાય છે. જયેશના પિતરાઈ ભાઈ સંજય નગોઈનો રહેવાસી છે. બંનેએ મળીને કેમિકલ કાંડને અંજામ આપ્યો હતો. જયેશે ૨૨ તારીખે ૬૦૦ લીટર કેમિકલ ગોડાઉનમાઁથી ચોરી કરીને સંજયને ૪૦ હજારમાં વેચ્યુ હતું. તગડી ફાટક પાસે તેણે કેમિકલ સંજયને સપ્લાય કર્યુ હતું. સંજયનો સગો ભાઈ વિનોદ પણ તેમાં સામેલ હતો. બંનેએ મળીને ૬૦૦ લીટર કેમિકલ અલગ અલગ લોકોને સપ્લાય કર્યુ હતું. જેમાં પિન્ટુને ૨૦૦ લીટર આપ્યુ હતું. તો ૨૦૦ લીટર કેમિકલ નગોઈના બીજા શખ્સ અજિત દિલીપને આપ્યુ હતું અને ૨૦૦ લીટર પોતે રાખ્યુ હતું. પીન્ટુએ આગળ ૨૦૦ લીટર કેમિકલ રૈયા ગામના ભગવાન નારાયણ, વલ્લભ, જટુભા, ગજુબેન, વિપુલ વિનુને આપ્યુ હતું. આ રીતે ૬૦૦ લીટર મિથાઈલ આલ્કોહોલનુ ડિસ્ટ્રીબ્યુશન થયુ હતું. કેમિકલ ખરીદનાર વિપુલ વિનુ પણ તે પીને મૃત્યુ પામ્યો છે.

### વકર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે ૧૮૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે કરવા તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટેની સૂચનાઓ આપી છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે ૨૭ કેસ નોંધાયા છે. જેમાં દહેગામમાં ૯, ગાંધીનગર-માણસામાં ૩-૩ અને કલોલમાં ૧૨ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા વધતાં તંત્રની દોડધામ વધવા પામી છે. ગ્રામ્યવિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૮ મહિલા, ૩ ખેડૂત, ૩ વિદ્યાર્થી, બે કર્મયોગી, એક અર્ધ સરકારી સંસ્થાના કર્મયોગીનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કલોલ અર્બન-૧માં નોંધાયેલ એક ૧૦ વર્ષીય બાળકને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. દહેગામ તાલુકામાં દહેગામ અર્બનમાંથી ૩, કડાદરામાંથી ૩ ઉપરાંત ઝાંક, હરસોલી અને નાંદોલ ગામેથી ૧ કેસ મળી આવેલ છે. ગાંધીનગર તાલુકામાં પ્રાંતિયા ગામેથી ૨ તેમજ અડાલજ ગામેથી એક કેસ મળી આવેલ છે. કલોલ તાલુકામાં કલોલ અર્બનમાંથી ૪ તેમજ ડિંગુચા ગામેથી વધુ ૪ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત ભોંયણ, કાંઠામાંથી કેસ મળેલ છે. સઈજ ગામેથી પણ બે કેસ મળી આવેલ છે. માણસા તાલુકામાં માણસા અર્બનમાંથી ૨ કેસ અને સૌલેયા ગામેથી એક કેસ મળી આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસમાં ૨૬ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે ૧૮૩ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

### જોર ઘટશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાગોમાં હળવો , મધ્યમ, ભારે અને કેટલાક વિસ્તારમાં અતિભારે વરસાદ થવાની સંભાવના છે. જેમાં મધ્ય ગુજરાતના ભાગો, પુર્વ ઉત્તર ગુજરાતના ભાગો અને કચ્છના છુટાછવાયા ભાગોમાં વરસાદની શક્યતા રહેશે. જયારે દક્ષિણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ વરસાદની સંભાવના છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના લીધે તાપી નદીના જળ સ્તરમાં વધારો થાય મધ્ય ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં પણ ભારે વરસાદના સંજોગો રહે તેવી સંભાવના છે. સાબરમત્તી નદીના જળસ્તરમાં પણ વધારો થાય, નર્મદાના જળસ્તરમાં પણ વધારો

### પેકેજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર બીએસએનએલને ૪જી સેવાઓ પ્રદાન કરવા માટે સ્પેક્ટ્રમની ફાળવણી કરશે. ૯૦૦/૧૮૦૦ એમએચઝેડ બેન્ડના સ્પેક્ટ્રમની ફાળવણી માટે ૪૪,૯૯૩ કરોડનો ખર્ચ ઈક્વિટી ઈન્ફ્યુઝન દ્વારા થશે. આ સિવાય આગામી ચાર વર્ષ માટે અંદાજિત મૂડી ખર્ચને પહોંચી વળવા માટે સરકાર ૪જી ટેક્નોલોજીનો વ્યાપ વધારવા માટે રૂ. ૨૨,૪૭૧ કરોડનું મૂડી ભંડોળ પણ પૂરું પાડશે.

તદુઉપરાંત સરકાર બીએસએનએલને ૨૦૧૪-૧૫થી ૨૦૧૯-૨૦ દરમિયાન ગ્રામીણ વાયરલાઈન ગેપ ફંડિંગ પેટે રૂ. ૧૩,૭૮૯ કરોડ પ્રદાન કરશે. ચોંકાવનારી વાત એ છે કે સરકાર માટે ખોટનો ખાડો બની ગયેલ બીએસએનએલના દેવાને હજી પણ સરકાર ઈક્વિટીમાં ટ્રાન્સફર કરશે. મોદી સરકારે આ રાહત પેકેજમાં બીએસએનએલની બેલેન્સ શીટનું ભારણ ઘટાડવા માટે રૂ. ૩૩,૪૦૪ કરોડના સ્ટેટ્યુટરી ડ્યુ એટલેકે લેણાંને ઈક્વિટીમાં રૂપાંતરિત કરવાની પણ જાહેરાત કરી છે. આ ઉપરાંત સરકાર વર્તમાન લોનની ચુકવણી માટે નાણાં એકત્ર કરવા માટે બીએસએનએલને ભારત સરકારની સોવરિન ગેરંટી પણ આપશે. ભારતનેટ હેઠળ પાથરવામાં આવેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઉપયોગની સુવિધા માટે મ્મ્દ્રન્ને બીએસએનએલ સાથે મર્જ કરવામાં આવશે. જોકે ભારત નેટની તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંપત્તિ દેશની રાષ્ટ્રીય અસ્કયામતો તરીકે ચાલુ રહેશે અને તે તમામ ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડરો માટે વિના ભેદભાવના ઉપલબ્ધ કરાવામાં આવશે. મહત્વની વાત એ છે કે બીએસએનએલના પુનરૂત્થાન માટેની આ તમામ જાહેરાતો ૨૦૧૯માં જ કરવામાં આવી હતી. ૨૩ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ ટેલિકોમ મિનિસ્ટર રવિશંકર પ્રસાદે કહ્યું કે મોદી સરકારે ભારત સંચાર નિગમ લિમિટેડ અને મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડના પુનરૂદ્ધાર માટે ઘણા સમયથી ચર્ચાઓ કરીને આજે એક નક્કર યોજના સાથે મર્જર અને વીઆરએસ પેકેજને મંજૂરી આપી હતી. એમટીએનએલને શરૂઆતના તબક્કે બીએસએનએલની સબસિડયરી બનાવવામાં આવશે અને ત્યારબાદ મર્જરને આગળ વધારવામાં આવશે.

# વડાપ્રધાનની મુલાકાત અગાઉ અરવલ્લી જિલ્લા ભાજપમાં ભડકાની સ્થિતિ

## ભાજપ શાસિત બાયડ નગરપાલિકાની સામાન્ય સભામાં ઠરાવ ઉપરના ૪ કામ પેન્ડીંગ કરાતાં હડકંપ : ૧૩ વિરૂદ્ધ ૧૦થી ઠરાવ ઉપરના કામ પેન્ડીંગ રખાયા, એક હથ્થું શાસન સામે ભાજપના સભ્યોનો અસંતોષ દેખાયો

ગાંધીનગર, તા.૨૭

અરવલ્લી જિલ્લામાં ભાજપ શાસિત બાયડ નગરપાલિકામાં છેલ્લા ૬ મહિનાથી ઉકળતા ચરૂ જેવી સ્થિતિ અંગે જિલ્લા અને પ્રદેશ ભાજપ સંગઠનને મૌખિક-લેખિત રજૂઆત પછી યોગ્ય ન્યાય ન મળતાં ભડકાની સ્થિતિ બુધવારે યોજાયેલી બાયડ નગરપાલિકાની સામાન્ય સભામાં જોવા મળી. પ્રમુખ દ્વારા એજન્ડા ઉપર કુલ-૧૦ કામ લેવામાં આવ્યા હતા જેમાં કામ નં.૩ થી ૬ નો કેટલાક ભાજપના સભ્યોએ આગામી મીટીંગમાં મૂકવા માટે રજૂઆત કર્યા પછી પ્રમુખ દ્વારા ઈન્કાર કરાયો હતો અને મતદાનનો આગ્રહ કરાતાં ખુદ ભાજપનો ખેલ થઈ ગયા જેવી સ્થિતિ સામે આવી. ૧૩ વિરૂદ્ધ ૧૦ થી ઠરાવ ઉપરના ૪ કામ આગામી સામાન્ય સભા સુધી મુલત્વી રખાતાં વિધાનસભા ચૂંટણી અગાઉ પક્ષની નેતાગીરી અસંતોષ નહીં ઠારે તો હજુ વધુ અસંતોષ બહાર આવી શકે છે. સામાન્ય સભામાં એક હથ્થું શાસન સામે કેટલાક ભાજપના સભ્યોનો અસંતોષ સ્પષ્ટ જોવા મળ્યો હતો.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ નગરપાલિકાના સર્વાંગી વિકાસ માટે ગત વર્ષે યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં મતદારોએ ભાજપને સંપૂર્ણ બહુમત આપ્યા પછી સત્તા સ્થાને આવેલા પદાધિકારી દ્વારા ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ, પક્ષના નેતા સહિત અનેક ભાજપના સભ્યોને સાઈડલાઈન કરી વિશ્વાસમાં લીધા વગર કામ કરવામાં આવતા હતા જેના કારણે બાયડમાં ઠેર ઠેર ગંદકી, અનેક પર્યાપ્ત સુવિધાઓનો અભાવ અને અનેક મુદ્દે સ્થાનિક નગરમાં પણ ભાજપના શાસન સામે અસંતોષ વધતો જતો હતો. બાયડ પાલિકા ભાજપના કેટલાક સભ્યોએ આ અંગે જિલ્લા સંગઠન પ્રભારી, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ ત્યારબાદ પ્રદેશ સુધી વિસ્તારપૂર્વક મુદ્દા સાથેની રજૂઆતો પછી પણ અસંતોષ ઠારવા માટે કોઈ પ્રયાસ કર્યા ન હતા આખરે ઉકળતો ચરૂ તા.૨૭ જુલાઈએ યોજાયેલી સામાન્ય સભામાં જવાળામુખીની જેમ ફાટ્યો હોય તેવું જોવા મળ્યું. સામાન્ય સભામાં કામ નં.૩ નગરપાલિકાની મળેલી કારોબારી સમિતિના પ્રોસીડીંગને બહાલી આપવાની બાબત આવી ત્યારે કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ દ્વારા આ અંગેનું પ્રોસીડીંગ સામાન્ય સભા સમય સુધી મારી સમક્ષ રજૂ થયું નથી અને અગાઉ મારી સમક્ષ જે પ્રોસીડીંગ રજૂ કર્યું તેમાં બાયડ પાલિકામાં થયેલા ઠરાવોનો અમલ, બંધ કેમેરા ચાલુ કરાવવા, સફાઈ કામદારોની ખોટી હાજરી પુરાતી હોવાથી ફેઈસ વિથ થમ્બ મશીનથી હાજરી પૂરવી સહિતના અનેક પ્રજાને લગતા મુદ્દામાં ભાજપના જ ૫ કોર્પોરેટરોએ કારોબારી બેઠકમાં વિરોધ કર્યો હતો તે સમાવ્યો ન હોવાથી અધ્યક્ષ દ્વારા તેમાં સહી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. જેના કારણે સામાન્ય સભામાં બહાલી સામે વિરોધ વ્યક્ત કરી આગામી સામાન્ય સભામાં મૂકવાની રજૂઆત થતાં પ્રમુખ સ્નેહલભાઈ પટેલે તેનો વિરોધ કર્યો હતો અને મતદાનનો આગ્રહ રાખતાં ૧૩ વિરૂદ્ધ ૧૦ થી ઠરાવનો રકાશ થતાં ભાજપ છાવણીમાં સનસનાટી મચી ગઈ હતી અને ત્યાર પછી તો ધડાધડ અન્ય ૩ કામો મુદ્દે પણ આગામી સામાન્ય સભામાં કામો મૂકવા માટેનો ઠરાવ ૧૩ વિરૂદ્ધ ૧૦ થી પસાર થઈ જતાં ભાજપ શાસિત બાયડ પાલિકામાં ભડકાની સ્થિતિએ જિલ્લા સંગઠનને હચમચાવી દીધો છે.

આગામી દિવસોમાં અસંતોષ ઠારવામાં નહીં આવે તો હજુ વધુ સભ્યો ભાજપ થી મોં ફેરવી લે તેવી પૂરેપૂરી સંભાવના હાલ દેખાઈ રહી છે.



### બાયડ પાલિકામાં ભાજપના વહીવટથી લાંબા સમયથી નારાજગી

બાયડ પાલિકામાં ભાજપના શાસન સામે લાંબા સમયથી નારાજગી જોવા મળતી હતી. ખુલ્લી ગટરો, રોડ ઉપર કચરાના ઢગ, સોસાયટી વિસ્તારોમાં સફાઈમાં અનિયમિતતા તેમજ બાયડ પાલિકામાં કોઈ કામ માટે અરજદાર જાય ત્યારે વારંવારના ધક્કા ખાવા પડતા હતા જેથી ભાજપના વહીવટ સામે લાંબા સમયથી નારાજગી જોવા મળતી હતી. પ્રજાની નારાજગી આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ માટે ઘાતક સાબિત થાય તેવી સ્થિતિ પણ હતી.

### અમોને વિકાસના કામો બાબતે પૂછવામાં આવતું ન હતું : પદાધિકારીઓ

બાયડ નગરપાલિકાના અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ વગેરેએ જણાવ્યું કે બાયડ નગરપાલિકામાં ભાજપનું શાસન આવ્યા પછી સંકલનની બેઠક છેલ્લા ૧૪ મહિનાથી યોજાઈ નથી. પ્રમુખ દ્વારા વિકાસના કામો બાબતે અમને પૂછવામાં આવ્યું નથી અને આ અંગે જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, જિલ્લા પ્રભારી જયશ્રીબેન દેસાઈ સમક્ષ વારંવારની રજૂઆત છતાં પણ કોઈ પગલાં ભરાયાં ન હતાં. આખરે આજે જે સામે આવ્યો છે તે એક હથ્થું શાસન સામેનો રોષ છે તેમ જણાવ્યું હતું. જ્યારે બાયડ પાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ દરરોજ બાયડ પાલિકાના વહીવટ બાબતે ફરિયાદ કરતા રહ્યાના લોક આક્ષેપ જાણીતા છે પરંતુ સામાન્ય સભામાં તેઓએ પ્રમુખને સમર્થન આપ્યું હતું.

### કારોબારી બેઠકમાં અધ્યક્ષ સામે મોરચો માંડવાનું પ્રમુખને ભારે પડ્યું..

બાયડ નગરપાલિકાની ગત તા.૨૭ જૂનના રોજ સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં બાયડ પાલિકામાં ઠરાવોની અમલવારી થતી નથી. બાયડ પાલિકામાં લાંબા સમયથી બંધ કેમેરા, સફાઈ કર્મચારીઓની ખોટી હાજરી ઉપરાંત અન્ય કર્મચારી ફરજ બજાવતા હોવાની ફરિયાદને ધ્યાને રાખી યોગ્ય મોનિટરીંગ કરવું અને તમામ કર્મચારીઓના ફેઈસ વિથ થમ્બ મશીનથી હાજરી પૂરવી, કન્સલ્ટન્ટની થયેલી ભરતીમાં ઉભી થયેલી ગેરરીતીની તપાસ, અધુરા કામ છોડતા કોન્ટ્રાક્ટરો સામે જરૂરી કાર્યવાહી અને પાલિકા પાસે ઓછું સ્વભંડોળ હોવાથી વધારાનો સ્ટાફ છૂટો કરવા સહિતના મુદ્દા કારોબારી બેઠકમાં અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ દ્વારા પ્રમુખ સ્થાનેથી લેવાયા હતા પરંતુ તે બેઠકમાં હાજર રહેલા બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલે તેમના અંગત સભ્યો મારફતે વિરોધ કરાવ્યો હતો જેથી ઉપરોક્ત લોકહિતના મુદ્દાનો કારોબારી બેઠકમાં ૫ વિરૂદ્ધ ૨ થી વિરોધ થયો હતો અને આ અંગે પ્રદેશ તેમજ જિલ્લા ભાજપ સંગઠનને પુરાવા સાથે રજૂઆત પછી પણ કોઈ પગલાં ભરાયાં ન હતાં અને તા.૨૭ જુલાઈના રોજ સામાન્ય સભા યોજાઈ ત્યારે પ્રવિણ પટેલે પ્રમુખ દ્વારા ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ તેમજ પક્ષના નેતા વગેરેને કોઈ કામમાં વિશ્વાસમાં લેતા નથી તેવી રજૂઆત પછી એજન્ડા પરના કામ નં.૩ થી ૬ ને આગામી સામાન્ય સભામાં મૂકવા અંગેની રજૂઆત કરતાં સામાન્ય સભામાં હોબાળો મચી ગયો અને ત્યારબાદ ભાજપ તેમજ કોંગ્રેસના સભ્યોએ અંતરાત્માનો અવાજ સાંભળી ઉપરોક્ત ૪ ઠરાવો ૧૩ વિરૂદ્ધ ૧૦ થી આગામી સભા માટે મંજૂર કર્યા છે. ટૂંકમાં ભાજપમાં યાદવા સ્થળી માટે જવાબદાર કોણ..?? જિલ્લા ભાજપ સંગઠન પણ કેમ પાણીમાં બેસી ગયું..?? તેવા અનેક સવાલો હવે ઉભા થયા છે. રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડમાં ફરી એકવાર બાયડ નગરપાલિકા ચર્ચાના છોગાને આવી છે.